INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. 12-03-2022

- ગાંધી વિચારના પ્રચાર - પ્રસારના કાર્યમાં દરેક ભારતીયને ભાગ લેવાનો – સામેલ થવાનો અધિકાર.

પૂજ્ય મહાત્મા ગાંધીએ ઐતિહાસીક મીઠા સત્યાગ્રહ સવિનય કાનુન ભંગની ભુમી દાંડીથી અંગ્રેજોની હકુમત સામે રાષ્ટ્રવ્યાપી આંદોલન શરૂ કર્યું હતું. જેવી સ્થિતિ અંગ્રેજોના સમયમાં હતી એવી જ સ્થિતિ આજે દેશમાં છે ગાંધી વિચાર આધુનિક સમયની માંગ છે તે સમયે અંગ્રેજો સામે 'અસમાનતા', 'શોષણ', 'અત્યાચાર' સહિતના અનેક મુદ્દે 'જન આંદોલન' કરી દેશને ગુલામીમાંથી મુક્ત કરી આઝાદ હિંદુસ્તાનની સ્થાપના કરવામાં આવી. **છેલ્લા ઘણા સમયથી ભારત અને રાજ્યના શાસકો ગાંધીજીની વિચારધારાને ખતમ કરી ગોડસેની વિચારધારા થોપવાના સતત પ્રયત્નો કરી રહ્યાં છે. આજના શાસકો અંગ્રેજોના શાસનને શરમાવે તેવો અત્યાચાર કરી રહ્યા છે.** દાંડીયાત્રા નિમિત્તે ઐતિહાસિક કોચરબ આશ્રમ ખાતે યોજાયેલ પ્રાર્થના સભામાં મોટી સંખ્યામાં જોડાયેલ કાર્યકરો – નાગરિકોને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં વિચારધારાની લડાઈ ચાલી રહી છે. **એક વિચારધારા પૂજ્ય મહાત્મા ગાંધીની અને બીજી વિચારધારા ગોડસેની છે. આજે ગોડસેની વિચારધારાને મજબુત કરવા માટે શાસકો કામ કરતા હોઈ તેવા સમયે વિશ્વને માર્ગદર્શક ગાંધી વિચાર એ સમયની માંગ** છે. મહાત્મા ગાંધીનુ જીવન સત્ય, સાદગી, અહિંસા સહિતના સિધ્ધાંતો પર ટકેલુ હતુ દેશની સંપત્તિ તમામ લોકો માટે છે એ લડાઈ અંગ્રેજો સામે હતી, આજે પણ એ જ લડાઈ લડી રહી છે કોંગ્રેસ કારણ કે લોકોનો અવાજ દબાવવાનો ભાજપાના શાસકો સતત પ્રયાસ કરી રહયાં છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે વધુમાં જણાવ્યું હતું કે, અંગ્રેજોના જોર-જુલમ અને અત્યાચારના શાસન સામે **ગાંધીજીએ નમક સત્યાગ્રહ - દાંડી યાત્રા શરૂ કરી સમગ્ર દેશ અને વિશ્વને અન્યાય સામે અવાજ ઉઠાવવાનો સંદેશ આપ્યો.** આજે પણ ભાજપના શાસનમાં ખેડૂતો અને સામાન્ય લોકો પર જે રીતે જોર - જુલમ અને અત્યાચાર થઈ રહ્યો છે, સત્તાનો દુરુપયોગથી લોકોનો અવાજ દબાવવામાં આવી રહ્યો છે. પૂ. મહાત્મા ગાંધીજી અને સરદાર સાહેબનું ગુજરાત છે. કોંગ્રેસપક્ષના કાર્યકર એક નવી આઝાદીની લડાઈ લડવા માટે સુસજ્જ થઈને મક્કમતાથી લડશે. સત્તાના મદમાં સુતેલી સરકારને જગાડવા માટે બીજો આઝાદીનો જંગ લડવો પડશે. અનિતિ, અધર્મ, અસત્ય, અહંકાર, આર્થિક શોષણ અને અત્યાચારી શાસકો સામે ફરી એક વખત સવિનય કાનુન ભંગનો સંકલ્પ લઈ લડત લડવી પડશે. ગાંધી વિચારના પ્રચાર - પ્રસારના કાર્યક્રમને મંજુરી ન આપીને શાસકોની માનસિકતા લોકો સમક્ષ ફરી એક વખત ખુલ્લી પડી ગઈ છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, સેવાદળના રાષ્ટ્રીય મુખ્ય સંગઠકશ્રી લાલજી દેસાઈ, એ.આઈ.સી.સી. સોસીયલ મીડીયાના અધ્યક્ષ શ્રી રોહન ગુપ્તા, એ.આઈ.સી.સી.ના પૂર્વ મહામંત્રીશ્રી દિપકભાઈ બાબરીયા, એ.આઈ.સી.સી. ના મંત્રીશ્રી સોનલબેન પટેલ, એન.એસ.યુ.આઈ.ના રાષ્ટ્રીય સંયોજક શ્રી ભાવિક સોલંકી, વિધાનસભા કોંગ્રેસપક્ષના ઉપનેતાશ્રી શૈલેષભાઈ પરમાર, કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાન શ્રી બાલુભાઈ પટેલ, શ્રી ખુરશીદ સૈયદ, ડૉ. જીતુભાઈ પટેલ, ડૉ. વિજયભાઈ દવે, શ્રી લાખાભાઈ ભરવાડ, શ્રી અશોક પંજાબી, શ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, ડૉ. મનિષ દોશી, શ્રી પંકજ શાહ, શ્રી હિમાંશુ પટેલ, શ્રી બિમલભાઈ શાહ, શ્રી પંકજ પટેલ, શ્રી બળદેવ લુણી, શ્રી ઉમાકાંત માંકડ, શ્રી પંકજ ચાંપાનેરી, નિકુંજ બલર, હેમાંગ રાવલ, શ્રી નીતીન પટેલ, ઓ.બી.સી. સેલના ચેરમેનશ્રી ઘનશ્યામ ગઢવી, વિચાર વિભાગના અધ્યક્ષ પ્રિ. જગદીશભાઈ ચૌધરી, લઘુમતિ સેલના અધ્યક્ષશ્રી વજીરખાન પઠાણ, હેલ્થ અને હોસ્પિટલ કમિટિના ચેરમેનશ્રી ભીખુભાઈ દવે, મ્યુનિ. કોર્પોરેશન કોંગ્રેસ પક્ષના નેતાશ્રી શહેઝાદખાન પઠાણ, ચૂંટાયેલા કોર્પોરેટરશ્રીઓ, મહિલા કોંગ્રેસ, સેવાદળ, યુવક કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ.ના પદાધિકારીઓ – કાર્યકર્તાઓ અને સમગ્ર દેશમાંથી સેવાદળની શિબિરમાં પધારેલ પ્રદેશ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહી પૂજ્ય મહાત્મા ગાંધીના નેતૃત્વમાં મીઠા સત્યાગ્રહના ઐતિહાસીક સંભારણાને યાદ કરીને નમન કર્યા હતા.

કોચરબ આશ્રમ ખાતે યોજાયેલ પ્રાર્થના સભામાં શ્રી દિનેશ પટેલ અને તેમના સહયોગીઓએ સુંદર ગાંધી ભજનો પ્રસ્તુત કર્યા હતા.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવકતા